**પાવાગઢની પડોશના ખરણોના નગર જયગઢનાં ખાણિયાઓના પગાર માટે ખાણ કંપનીએ બેંકમાંથી લાવી રાખેલા કરોડ જેટલા રૂપિયા ચોરાઈ જાય છે. કંપનીનો એક ખાણિયો જે જૂનો અપરાધનો રેકોર્ડ ધરાવતો હતો તે એ પરોઢે ગુમ થયેલો માલૂમ પડે છે. એણેજ ચોર ઠેરવતા સજ્જડ પુરાવા ખાણ કંપનીનાં મેનેજર પાસે છે....**

# સામે અજય વર્મા તો શું? શેરલોક હોમ્સ હોય...

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

આરોપી હરિસંઘીની પત્ની અજય પાસેથી મદદનું વચન મેળવી ગઈ એ પછી જયગઢ જયા વગર છુટકો નહતો. એણે એક મોટો નિસાસો નાંખીને પાવાગઢની વિદાય લીધી. જયગઢ ખાણનું નગર હતું. ત્યાં જાત જાતનાં ધંધાને અર્થે જાત જાતનાં મુલાકાતીઓ આવતા. જેથી ગામમાં સારી હોટેલો હતી. એમાંથી એકમાં ઉતારો કરીને એણે પરીમલ પટેલને શોધી કાઢ્યો. એ સ્થાનિક વકીલ હતો. અજયે કોઈ કેસનાં અખબારી રીપોર્ટમાં એનું નામ વાંચ્યુ! પરીમલ પટેલ.

દરેક નાના ગામનાં દરેક વકિલની જેમ નાની ઓફિસમાં મોટો ઠઠારો કરીને બેઠો હતો. ખુરશીને પાછળ ઓળાળીને ભીંતે ટેકી હતી અને પગ ઓળાળીને ટેબલ પર ટેક્યા હતા. અજય જેવા પ્રભાવશાળી વ્યક્તિત્વને પોતાની ત્યાં જોતા જ રાબડાવીને સ્વસ્થ થઈ ગયા.

'આપ..?' એણે નમ્રતાથી પુછ્યું.

'અજય વર્મા પ્રાઈવેટ ડીટેક્ટીવ, અમદાવાદ.'

'ઓહ....!" પરિમલ સડાક કરતો ઊભો થઈ ગયો. સર... આપ...?'

'આવ્યો હતો પાવાગઢ પર બે દિવસ નિરાંત ગાળવા, પણ અપરાધ રાક્ષસ મારી ગંધે ગંધે અહીં પણ આવી ગયો!' અજયે મ્લાન સ્મિત કરતા કહ્યું, 'તમારી માઈન્સ કંપનીનાં નાણાંની ચોરી થઈ અને એક ઓશિયાળી નાળીનાં આશું જોઈને મારે મામલામાં ઉતરવું પડ્યું. અચ્છા મને એક બે પ્રશ્નોનાં ઉતર આપશો?

'ઘણી ખુશીથી સાહેબ, પણ .... આપ ઉભા કેમ છો?'

બેસોને ! પહેલાં હું ચાહનું કહી દેવ. 'પણ અહીં..ચાહ..?'

'ચિંતા ન કરશો. બજારું ચાહ નહીં પાવ'. અમારા નાના ગામોમાં ગલ્લા કે દુકાનની પાછળ જ ઘર હોય છે.'

આમ કહીને પરિમલે ઓફીસની પાછલનું નાનકડું બારણું ખોલીને સાદ કર્યો 'અરે, સાભ્યુંકે જરા બે કપ ચાહ મુકી દેજોને.'


એ પાછો ખુરશી પર આવ્યો એટલે અજયે પુછ્યું. 'આ જયગઢ માઈન્સની બેંક કઈ છે?" અમારી આગવી જયગઢ કો. ઓ. બેંક છે. એમાં મોટા ખાતેદારો બે જ છેઃ માઈનીંગ કંપની અને જયરામ અઢીયા. બાકી બધા સૌ મુકીને સો ઉપાડનારા." અચ્છા!'જયરામ અઢીયા કોણ છે?'

એક નંગ છે. રેકોર્ડબુકમાં છપાવવા જેવું.! એ અમારા ગામનો વાડીવાળો છે ગાડીવાળો છે. ગામનાં ઘણાં ખેતર ખાણોમાં ગયા. એમના માલિકો ખાણીય બની ગયા.

બાકીનાં લગભગ બધા ખેતર ધીરે ધીરે જયરામ અઢીયાએ ખરીદી લીધા. એ ખેતરો પર એ મજુરો રાખીને શાકભાજી ફળફળાદી કોક મોટ ધાન એવું ઉગાડે છે. અને ખુપ કમાય છે.

'એવા તો ઘણાય હોય. એમાં રેકોર્ડબુકમાં નામ લખાવવા જેવું શું છે?'

'એવો છે ગાંડો શોખ.'એણે પાંચસો રૂપિયાની અમુક નંબરો વાળી નોટો સંગ્રહવાની શોખ છે એવી નોટો જ્યાંથી મળે ત્યાંથી મેળવે અને ડબ્બાઓ ભરીને છુપાવે છે. એવી કેટલી નોટો એણે ક્યાં છુપાવી છે. એ જાણતું નથી. લોકો કહે છે. ઘણી નોટોતો બાતલ જવાની છે ડોશો કોઈને બતાવશે નહીં. અને એના મર્યા પછીએ કોઈને જડશે નહી.



**એ પાછો ખુરશી પર આવ્યો એટલે અજયે પુછ્યું. 'આ જયગઢ માઈન્સની બેંક કઈ છે?" અમારી આગવી જયગઢ કો. ઓ. બેંક છે. એમાં મોટા ખાતેદારો બે જ છેઃ માઈનીંગ કંપની અને જયરામ અઢીયા. બાકી બધા સૌ મુકીને સો ઉપાડનારા." અચ્છા!'જયરામ અઢીયા કોણ છે?'**

અજય હોટ આ નાના ગામમાં અવા અજાયબ માણસનીવાતે મળકાય ગયા, ત્યારે તો બેંકને એની પુરી રકમનો વહીવટ કરવા મળતો નથી, ખરું ને? ઠીક.

'જયગઢ માઈન્સ વાળા પગાર ક્યારે કરે છે?'

દર મહિનાની પહેલી તારીખે અને કેશીયર એ માટે પૈસા લેવા બેંકમાં જાય અને પાછા વળતા લૂંટાય જાય. એ ભયે ફાલ્ગુન બેરાએ.. મેનેજરે... સાવચેતી શરૂ કરી છે. પહેલી તારીખે કંપનીને એકાદ કરોડ આપવા માટે સહકારી બેંક વહેલી સવારથી કામગીરી શરૂ કરીદે છે. પાંચસો રૂપિયાની જે જે નોટો કેશીયરને આપવામાં આવે તેની યાદી બને. બેંકવાળા અલગ માણસ મારફતે એ યાદી ફાલ્ગુન બેરાને મોકલે એટલે કશી લૂંટ ચોરી થાય ત્યારે લૂંટાયેલી નોટોનાં નંબર પોલીસને અને પબ્લીકને જણાવી શકાય જેથી એ નોટ વટાવનાર પકડાઈ જાય.

કાળું પાનું-2

'વાહ!'શી કમાલ ચાલાકી છે જયગઢ માઈન્સનાં મેનેજર સાહેબ ડીટેક્ટીવ સાહિત્ય ખુબ વાચંતા લાગે છે! એ શું વાંચે છે એણીતો ખબર નથી. પણ માણસ છેં હોંશીયર. એમબીએ છે એટલે પણ નોટોનાં નંબર નોંધવાની ચોક્સાઈ આવડતી હોય. કરોડો રૂપીયાની નોટોની યાદી કેટલી મોટી થઈ હશે! પણ એટલે જ ફાલ્ગુન બેરા કહે છે કે તિજોરીમાંથી જે નોટો ચોરાઈ ગઈ એ નોટો મારી પાસે છે. એમાનીજ બે નોટો હરીસિંઘનાં ઘરમાંથી નીકળી છે વળી હરીસિંઘ સવારથી જ નાસી ગયો છે. એ જ મોટી સાબીતી છે.'

'આઈસી'અજયનાં કપાળે ચિંતાની રેખાઓ પડી ગઈ.'મને લાગે છે.'પરીમલે વાત પૂરી કરતા કહ્યું. આજે સાંજે હરીસિંઘ વડોદરાથી પાછો આવતાં જ પોલીસ એણે ઝડપી લેશે અને સવારમાં જ મેજીસ્ટ્રેટ સામે રજૂ કરશે." ત્યારે તો એ વેળા આપણે હાજર રહેવું પડશે.'અજયે જાહેર કર્યું.

# જયગઢની નાનકડી અદાલતમાં અઠવાડીયનાં છ દિવસ રજા રહેતી માત્ર દર સોમવારે ગોધરાની ડિસ્ટીક કોર્ટના જજ આવીને એ પાંચ- પંદર કેશ હોય તે પતાવી જતા. કેસ પણ ખાણિયઓની મારા મારીનાં કે છેતરપીંડીના હોય. કરોડ રૂપિયાની ચોરીનો કેસ આ પહેલીવાર આવ્યો હતો. કેસ ચલાવવા માટે સરકારી વકીલ વ્રજલાલ કડકીયા છેક વડોદરાથી આવ્યા હતા. બચાવ પક્ષનાં વકિલ પરીમલ પટેલ હતા. અને એમની સાથે એક ઉંચા રૂપાળા પ્રભાવશાળી યુવકને બેઠેલો જોઈને માત્ર પ્રેક્ષકો જ નહીં. સ્વંય સરકારી વકીલ અને જજ સુધ્ધા લગીલ જંખવાઈ ગયા. જ્યારે ખબર પડી કે એ યુવક વિખ્યાત ગુના શોધક અજય વર્મા છે! અલબત બહુ થોડીક મિનિટોમાં ક્ષોભ દૂર થઈ ગયો. સરકારી વકીલ કડકીયાએ તો જાણે પડકાર ફેંકતા હોય તેમ ખોંખારો પણ કર્યો. સામે અજય વર્માતો શું સેરલોક હોમ્સ હોય તો પોતાનો કેસ સિધ્ધ થશે એવી શ્રધ્ધા એવી ખોંખારામાં વ્યક્ત થતી હતી.

અને આરોપીનાં પાંજરામાં ઉભેલો હરીસિંઘ એક બીજા વકીલ સામે એવી રીતે જોઈ રહ્યો હતો. જેવી રીતે પૂર્વે શુન:શેપે મહાન વિશ્વામિત્ર સામે જોયુ હશે. પાત્રિસેકની વયનો એ જણ શ્યામ વર્ણ હતો. વાળ કાળજી પામ્યા વગરનાં હતા. બહાવરો હતો. ભદ્રવર્ણ નબીરાતો એની ભૂંડો જ માની લે. અધૂરામાં પૂરૂ એ કાળુ પાનું ધરાવતો હતો. દૂર સૂરતને પોલીસ ચોપડે એનો ઈતિહાસ ગુનાહીત બોલાયો હતો. હા સૂરતમાં એ રહેતો હતો ત્યારે લુખ્ખાઓનાં વાતે ચઢીને એણે નાની મોટી ચોરીઓ કરી હતી. અને એ બદલ ટૂકી જેલ સજા પણ પામ્યો હતો. પરીણામે એ રીઢો ચોર ગણાય ગયો હતો. અલબત્ત અત્યારેતો એ બાઘાની જેમ આરોપીનો પાંજરામાં ઊભો હતો. એ અજુય સંમજી શક્યો ન હતો. અને પરત આવતા જ પોલીસ શા માટે ત્રાટકી હતી. વળી નાટકની સ્ક્રીપ્ટ જાણે અગાઉથી લખાય ગઈ હોય અને અભીનય કરનારાએ સ્ટેજ પર પોતપોતાની જગાએ ગોઠવાઈ જાવનું હોય તેમ પાલીસ સરકારી વકીલ અદલતનાં રાઈટરો સાક્ષીઓ બધા જ હાજર હતા. જેવો પોતાની ભૂમિકા ભજવવાનોં સમય આવે એવોજ પાઠ ભજવી જવા સૌ સજ્જ હતા. કેટલાક કુતુહલીય પ્રેક્ષકો પણ હતા. અને માત્ર કુતુહલથી નહીં. પણ એક દુખીયારી સ્ત્રીનાં હમદર્દ અજય વર્મા પણ હાજર હતો.

અરે ગુનાને લગતું આરોપ નામું પણ તૈયાર હતું અને ન્યાયધીશનાં આદેશથી આરોપનામાની રજૂઆતો પણ થઈ ગઈ.

***(પછી શું થયું એ આવતે અઠવાડીયએ વાંચીશું. એક વાતતો સ્પષ્ટ છે કે હરીસિંઘ નિર્દોષ છે પરંતુ એની સામેનો કેસ પણ સજ્જડ છે. આપણો અજય એને બચાવવાનો ઉપાય ખોળી સકશે? આપણી આ વાર્તાઓનાં રીજવ મુજબ એ ઉપાય વાર્તામાંજ વણાય જશે. શોધક શોખવાળા વાચકો પણ એ પારખી જશે.)***